BRAMPTON **Service and Information Update**

# સીટી ઓફ બ્રેમ્પટન જુલાઇ 16 થી રિઓપન કરવા પ્રોવિન્સના રોડમેપનું પગલું ત્રણ પર સુરક્ષિત રીતે આગળ વધવાની તૈયારી કરી રહ્યું છે

બ્રેમ્પટન, ઓન્ટેરિયો (જુલાઇ 9, 2021) – ગવર્મેન્ટ ઓફ ઓન્ટેરિયોએ આજે કરેલી ઘોષણા પછી, સીટી ઓફ બ્રેમ્પટન શુક્રવાર, જુલાઇ 16 નાં રોજ મળસ્કે 12:01 વાગ્યાથી રિઓપન કરવા પ્રોવિન્સના રોડમેપનું પગલું ત્રણ પર સુરક્ષિત રીતે આગળ વધવાની તૈયારી કરી રહ્યું છે. આ પગલું આપણાં સમુદાય અને ઓન્ટેરિયોના આરોગ્ય સંભાળ ભાગીદારોના સમર્પિત પ્રયત્નોને આભારી થતા ભરવામાં આવી રહ્યું છે. જુલાઇ 8, 2021 નાં રોજ, ઓન્ટેરિયોમાં 12 વર્ષ અને વધારે ઉંમરની  77 ઉપરાંત વસ્તીએ COVID-19 રસીનો પહેલો ડોઝ અને 50 ટકા ઉપરાંત વસ્તીએ પોતાનો બીજો ડોઝ મેળવ્યો છે. COVID-19 રસીના 16.6 મિલિયનથી વધારે ડોઝ સમગ્ર પ્રોવિન્સમાં અપાઇ ચૂક્યા છે.

જુલાઇ 16 થી, રિઓપન કરવા પ્રોવિન્સનું રોડમેપનું પગલું ત્રણ હેઠળ નીચેના નિયમો અને ઉપાયો અમલમાં આવશે:

- આઉટડોર સામાજિક હળવું-મળવું અને આયોજિત જાહેર પ્રસંગો માટે મર્યાદાઓ સીમિત અપવાદો સાથે 100 લોકો સુધી;
- ઇનડોર સામાજિક હળવું-મળવું અને આયોજિત જાહેર પ્રસંગો માટે મર્યાદાઓ 25 લોકો સુધી;
- વ્યક્તિઓ વચ્ચે શારીરિક અંતર જાળવીને લગ્ન સમારંભ અને અંતિમક્રિયા સહિતની ઇનડોર ધાર્મિક સેવાઓ, વિધિઓ કે સમારંભોને પરવાનગી મળે છે;
- વ્યક્તિઓ વચ્ચે શારીરિક અંતર જાળવીને અને હજુ અમલમાં અન્ય નિયંત્રણોને અનુસરીને ટેબલ દીઠ ગ્રાહકોની સંખ્યા પર કોઇ મર્યાદા વગર ઇનડોર ડાઇનિંગની પરવાનગી મળે છે;
- ઇનડોર સ્પોર્ટ્સ અને રિક્રિએશનલ ફિટનેસ સગવડો ઇનડોર જગ્યાની મહત્તમ 50 ટકા ક્ષમતાને અધીન ખુલશે. ઇનડોર પ્રેક્ષકો માટેની ક્ષમતા સામાન્ય બેઠક ક્ષમતાના 50 ટકા અથવા 1,000 લોકો સુધી રહેશે, બેમાંથી જે પણ ઓછી હોય. આઉટડોર પ્રેક્ષકો માટેની ક્ષમતા સામાન્ય બેઠક ક્ષમતાના 75 ટકા અથવા 15,000 લોકો સુધી, જે પણ ઓછી હોય તે રહેશે.
- ઇનડોર મીટિંગ અને ઇવેન્ટ જગ્યામાં સંચાલન માટે વ્યક્તિઓ વચ્ચે શારીરિક અંતર જાળવીને અને હજુ અમલમાં અન્ય પ્રતિબંધોને અનુસરીને અને 50 ટકાની ક્ષમતા રાખીને કે 1,000 લોકોની સંખ્યાને ન વટાવતા પરવાનગી મળે છે, (બેમાંથી જે પણ ઓછી હોય);
- અનિવાર્ય અને અનિવાર્ય-સિવાયની રિટેઇલ ક્ષમતામાં વ્યક્તિઓ વચ્ચે બે મીટરનું શારીરિક અંતર જાળવી શકતા લોકોની સંખ્યા સુધી મર્યાદિત રહે છે;
- ફેસ કવરિંગ કાઢી નાખવાની જરૂર પડતી સેવાઓ સહિત, અંગત સંભાળ સેવાઓમાં ક્ષમતામાં વ્યક્તિઓ વચ્ચે બે મીટરનું શારીરિક અંતર જાળવી શકતા લોકોની સંખ્યા સુધી મર્યાદિત રહે છે;
- સંગ્રહાલયો (મ્યુઝિયમ્સ), ગેલેરીસ, ઐતિહાસિક સ્થળો, એક્વેરિયમ્સ, પ્રાણી સંગ્રહાલયો (ઝૂ), સિમાચિહ્નો (લેન્ડમાર્ક્સ), બોટાનિકલ ગાર્ડન્સ, વિજ્ઞાન કેન્દ્રો, કેસિનો/બિન્ગો હૉલ્સ, એમ્યુઝમેન્ટ પાર્ક્સ, મેળાઓ અને ગ્રામીણ પ્રદર્શનો, ઉત્સવો માટે ઇનડોર ક્ષમતા 50 ટકા ક્ષમતાને ન વટાવતી અને આઉટડોરમાં 75 ટકા ક્ષમતાને ન વટાવતી હોવી રહી;
- કન્સર્ટ સ્થળો, સિનેમા અને થિયેટરો સંચાલન માટેની પરવાનગી નીચે જણાવ્યા પ્રમાણે રહેશે:
  - ઇનડોરમાં 50 ટકા સુધીની ક્ષમતા અથવા બેઠકવાળા આયોજનો માટે 1,000 લોકોની મહત્તમ મર્યાદા (બેમાંથી જે પણ ઓછી હોય)
  - આઉટડોરમાં 75 ટકા સુધીની ક્ષમતા અથવા બેઠક ન ધરાવતા આયોજનો માટે મહત્તમ 5,000 લોકોની મર્યાદા (બેમાંથી જે પણ ઓછી હોય); અને આઉટડોરમાં 75 ટકા સુધીની ક્ષમતા અથવા અચળ બેઠકવાળા આયોજનો માટે મહત્તમ 15,000 લોકોની સીમા (બેમાંથી જે પણ ઓછી હોય).

- રીયલ એસ્ટેટના ઓપન હાઉસીસમાં ક્ષમતા વ્યક્તિઓ વચ્ચે બે મીટરનું શારીરિક અંતર જાળવી શકતા લોકોની સંખ્યા સુધી મર્યાદિત રહે છે; અને
- નાઈટ ક્લબ્સ અને રેસ્ટોબાર્સ સહિતની ડાન્સ સગવડો ધરાવતી ઈનડોર ખાણી-પીણીની સંસ્થાઓમાં, 25 ટકાની ક્ષમતા અથવા મહત્તમ 250 લોકોની મર્યાદા (બેમાંથી જે પણ ઓછી હોય).

ઈનડોર જાહેર સ્થળોમાં સમગ્ર પગલું ત્રણ દરમિયાન ફેસ કવરિંગ્સ અને વ્યક્તિઓ વચ્ચે શારીરિક અંતર જાળવવાની જરૂરિયાતો અમલમાં છે. આ પબ્લિક હેલ્થ એજન્સી ઓફ કેનેડાએ જાહેર કરેલા અંગત જાહેર આરોગ્ય ઉપાયો પર સલાહની સાથે સાથે, ઓન્ટેરિયોની ચોક્કસ માહિતી અને જરૂરિયાતોને પણ અનુરૂપ છે. કેટલાક આઉટડોર જાહેર સ્થળોએ ફેસ કવરિંગ પણ અનિવાર્ય બની રહેશે.

ઓછામાં ઓછાં 21 દિવસ સુધી અને જ્યાં સુધી 12 વર્ષ અને ઉપરની પાત્રતા ધરાવતી 80 ટકા જેટલી વસ્તી COVID-19 રસીનો પહેલો ડોઝ અને 75 ટકા વસ્તી પોતાનો બીજો ડોઝ મેળવી લે નહિ, કોઈપણ જાહેર આરોગ્ય એકમમાં પૂરેપૂરું રસીકરણ કરાવનાર પોતાની વસ્તી 70 ટકાથી ઓછી ના હોય ત્યાં સુધી પ્રોવિન્સ રોડમેપનું પગલું ત્રણમાં રહેશે. અન્ય મહત્વના જાહેર આરોગ્ય અને આરોગ્ય સંભળ સૂચકાંકો પણ સ્થિર ચાલુ હોવા રહ્યાં. આ થ્રેશોલ્ડ્સ પર પહોંચ્યા પછી, ઈનડોર અને આઉટડોર સ્થળો માટે ક્ષમતા મર્યાદાઓ અને સામાજિક મેળાવડા માટેની મર્યાદાઓ સહિતના મોટાભાગના જાહેર આરોગ્ય અને કાર્યસ્થળ સુરક્ષા ઉપાયો ઉઠાવી લેવામાં આવશે. સાઈનબોર્ડ મૂકવું, અને ધંધાઓમાં સુરક્ષા યોજના હોવી અનિવાર્ય હોય એવા પૅસિવ સ્ક્રીનિંગ સહિતના, માત્ર નજીવી સંખ્યાના ઉપાયો અમલમાં રહેશે.

પ્રોવિન્સનું સમાચાર પ્રકાશન અહીં વાંચો.

## સીટી સેવાઓ અને સગવડો

### મનોરંજન કેન્દ્રો (રિક્રિએશન સેન્ટર્સ)નું રિઓપનીંગ

રિક્રિએશન સેન્ટરના રિઓપનિંગને લગતી માહિતી અને સીટીના રિક્રિએશન સેન્ટર્સની મુલાકાતોના સંબંધમાં અદ્યતન માહિતી માટે, કૃપા કરી જુલાઈ 12 થી શરૂ થતા અઠવાડિયામાં અહીં મુલાકાત લેશો. ફિટનેસ, ઍક્વેટિક્સ, સ્કેટિંગ અને સામાન્ય કાર્યક્રમોમાં ડ્રોપ-ઈનમાં હાજર રહેવા સહિત, બધાં રિક્રિએશન સેન્ટર્સની મુલાકાતો માટે રિઝર્વેશન સિસ્ટમ અમલમાં રહેશે.

### સીટી આઉટડોર મનોરંજનલક્ષી સવલતો

પગલું ત્રણ દરમિયાન છૂટ અપાનારી ઉપલબ્ધ આઉટડોર મનોરંજનલક્ષી સવલતોમાં ગોલ્ફ કોર્સીસ અને ડ્રાઈવિંગ રેન્જીસ, સોકર અને અન્ય રમતના મેદાનો, બેઝબોલ ડાયમન્ડ્સ અને બેટિંગ કેજીસ, ટેનિસ અને બાસ્કેટબૉલ કોર્ટ્સ, લૉન બોલિંગ અને બૉચી, અને BMX અને સ્કેટ પાર્ક્સ, અને વૅડિંગ પૂલ્સ અને સ્પ્લેશ પૅડ્સનો સમાવેશ થાય છે. પ્રોફેસર્સ લૅક બીચ અને અલડોરાડો પાર્કનું આઉટડોર પૂલ પણ આ સીઝન માટે ફરીથી ખુલ્યું છે, જો હવામાન અને પાણીની સ્થિતિ અનુકૂળ રહે.

સીટીની ચોક્કસ આઉટડોર સવલતો માટે COVID-19 આરોગ્ય અને સુરક્ષા ઉપાયોના સંબંધમાં વિગતો જોવા કૃપા કરી વેબસાઈટ જુઓ, www.brampton.ca/summerfun.

### વર્ચ્યુઅલ ઓફરિંગ્સ

**વર્ચ્યુઅલ કેમ્પ્સઃ** પોતાના સમોવડિયાઓ અને કુટુંબીજનો સાથે વાસ્તવિક સમયે પારસ્પરિક સંવાદ કરતી વખતે, વર્ચ્યુઅલ કેમ્પ્સ 4 થી 6 અને 6 થી 10 વર્ષની ઉંમરના સહભાગીઓને નવી મિત્રતા કરવાની, પોતાની સામાજિક આવડતો વધારવાની, અને પોતાની ગતિએ રોમાંચક પ્રોજેક્ટ્સ

પર કામ કરવાની તક આપે છે. સર્વગ્રાહી (ઈન્કલુઝન) વર્ચ્યુઅલ કેમ્પ્સ 6 થી 13 અને 14 થી 20 વર્ષની ઉંમરના સહભાગીઓ માટે પણ ઉપલબ્ધ થશે. સીટી ઓફ બ્રેમ્પટનના તાલીમબદ્ધ શિક્ષકો WebEx પ્લેટફોર્મનો ઉપયોગ કરીને બધાં કાર્યક્રમોની આગેવાની કરશે. નોંધણી વેબસાઈટ પર ઉપલબ્ધ છે, www.brampton.ca/recathome.

બ્રેમ્પટનવાસીઓ ઘરની આરામદાયક સગવડ છોડીને તીવ્રતા દર્શાવતા અને દરેક પસંદગી માટે વિવિધ પ્રકારના લાક્ષણિક વર્કઆઉટ્સના **વર્ચ્યુઅલ ફિટનેસ વર્ગો**માં જોડાઈ શકે છે. તાલીમબદ્ધ ફિટનેસ ઈન્સ્ટ્રક્ટર્સ સાથે મફત 30 મિનિટ જીવંત પ્રસારણના વર્કઆઉટ્સ માટે નોંધણી કરાવો. નોંધણી 7 દિવસ અગાઉથી અહીં ઉપલબ્ધ છે, www.brampton.ca/recathome.

55+ વર્ષની ઉંમરના પુખ્ત લોકોને મફત, પારસ્પરિક **ઓનલાઈન વર્કશોપ્સ** માટે નોંધણી કરાવવાનું આમંત્રણ આપવામાં આવે છે. સહભાગીઓ પાસે સુરક્ષિત અને સંરચિત વાતાવરણમાં પોતાના સમોવડિયાઓને મળવાની અને સોશિયલાઈઝ થવાની, નવા મિત્રો બનાવવાની અને ઓનલાઈન જોડાવાની તક રહેશે. સીટી ઓફ બ્રેમ્પટનના તાલીમબદ્ધ ઈન્સ્ટ્રક્ટર્સ WebEx પ્લેટફોર્મનો ઉપયોગ કરીને પ્રવૃત્તિઓની આગેવાની કરશે. નોંધણી અહીં ઉપલબ્ધ છે, www.brampton.ca/recathome.

**રસીકરણ**

પીલમાં રહેનાર, કામ કરનાર કે સ્કૂલે જનાર અને 12 કે વધારે વર્ષની કોઈપણ વ્યક્તિ પોતાની પહેલા ડોઝની એપોઈન્ટમેન્ટ નોંધાવી શકે છે.

mRNA રસી (Pfizer કે Moderna) મેળવનાર કોઈપણ વ્યક્તિ પોતાના બીજા ડોઝનું બુકિંગ કરાવવાને પાત્ર છે. પહેલા અને બીજા ડોઝ વચ્ચેનો સમયગાળો ઓછામાં ઓછો 28 દિવસનો હોવો રહ્યો.

ઓછામાં ઓછાં આઠ અઠવાડિયા પહેલાં AstraZeneca રસીનો પહેલો ડોઝ મેળવનાર કોઈપણ વ્યક્તિ પોતાના બીજા ડોઝનું બુકિંગ કરાવી શકે છે. લોકો પોતાના બીજા ડોઝ માટે mRNA રસી (Moderna કે Pfizer) મેળવે તેવી ભલામણ કરવામાં આવે છે.

COVID-19 રસીકરણ પર સૌથી અદ્યતન માહિતી માટે, પ્રોવિન્સનું વેક્સિન પોર્ટલ જુઓ.

**કડીઓ (લિંક્સ)**

- સીટી ઓફ બ્રેમ્પટન COVID-19 પ્રોગ્રામિંગ અને સર્વિસ અપડેટ્સ
- સીટી ઓફ બ્રેમ્પટન – શું ખુલ્લું છે, શું બંધ છે
- COVID-19 નાં લક્ષણો
- COVID-19 વેક્સીન (રસી)
- બ્રેમ્પટનમાં ટેસ્ટિંગ
- સેલ્ફ-આઈસોલેટ કેવી રીતે થવું
- COVID-19 દરમિયાન ધંધાઓ અને કાર્યસ્થળોને સુરક્ષિત રાખવા
- પીલમાં COVID-19 નાં કેસીસ



The Corporation of The City of Brampton
2 Wellington Street West, Brampton, ON L6Y 4R2 311 TTY: 905.874.2130

**મિડિયા સંપર્ક** :
મોનિકા દુગ્ગલ (Monika Duggal)
કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી એંગેજમેન્ટ
વ્યૂહાત્મક સંવાદ
સીટી ઓફ બ્રેમ્પટન
905-874-3426 | Monika.Duggal@brampton.ca